અપીલ અરજી નં.૧૦૩ તા.૩૦–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૫–૪–૧૧ ની અરજીથી વરાછાઝોનના માહિતિ અધિકારીએ તા.૨૫–૨–૧૧ ની અરજીનો જવાબ આજ સુધી આપેલ નથી? જવાબ કયારે આપવાના છો ? અરજીનો જવાબ સમય મર્યાદામાં આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૫–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૩/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૫–૪–૧૧ ની અરજીથી વરાછા ઝોનના માહિતિ અધિકારીએ તા.૨૫–૨–૧૧ ની અરજીનો જવાબ આજ સુધી આપેલ નથી? જવાબ કયારે આપવાના છો ? અરજીનો જવાબ સમયમર્યાદામાં આપવા બાબતે માંગવામાં આવેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૦ તા.૯–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સંકલન ધ્વારા જાવક નંબર તારીખ વિનાના પત્ર સાથે તા.૨૦–૬–૧૧ ના રોજ પૂરક વિતગોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૩,૬૪,૬૫ તા.૧૨–૫–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે માંગવામાં આવેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૩, ૬૪,૬૫ તા.૧૨–૫–૧૧ના રોજ માહિતી આપવામાં આવેલ છે. જેમાં આરટીઆઈ નં.૬૩ થી મુદ્દા નં.૧ વરાછા ઝોનના માહિતિ અધિકારીએ તા.૨૫–૨–૧૧ ની અરજીનો જવાબ આજ સુધી આપેલ નથી? જવાબ કયારે આપવાના છો ? અરજીનો જવાબ સમયમર્યાદામાં આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની અરજી વરાછાઝોનના સીવીક સેન્ટરમાં તા.૨૫–૨–૧૧ ના રોજ નોંધાયેલ તેમજ આરટીઆઈ ના દફતરમાં તા.૨૮–૨–૧૧ ના રોજ નોંધાયેલ છે.અને ખુબ જ હકારાત્મક વલણ રાખી તા.૨૩–૩–૧૧ ના રોજ જવાબ સમય મર્યાદામાં પાઠવવામાં આવેલ છે જેની નોંધ લેશો. તેવું જણાવેલ છે. આરટીઆઈ નં.૬૪ મુદ્દા નં.૧ તા.૧૨–૧–૧૧ નો જવાબ સમય મર્યાદામાં આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની તા.૧૨–૧–૧૧ અરજીનો પ્રત્યુત્તર તા.૧૧–૨–૧૧ નો પત્ર ન.ઈ.ઝેડ/ આરટીઆઈ/૬૬૭ થી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આરટીઆઈ નં.૬૫ મુદ્દા નં.૧ દલિત વસાહતસંઘ ઝુંપડપટ્ટી તા.૧૧–૪–૧૧ ના રોજ બાળકોની પરીક્ષા હોવા છતાં કેમ તોડવામાં આવેલ છે? તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ઝુંપડપટ્ટીના અસરગ્રસ્ત ઈસમો ધ્વારા વૈકલ્પિક આવાસ મેળવી સ્વેચ્છિક સ્થળાંતર કરવામાં આવતાં મજકુર ઈસમોના અમલા વરાછાઝોનેથી ઉકત દિને દુર કરવામાં આવેલ છે. મુદ્દા નં.૩ ૫૦ ઝુંપડાવાળા મકાન ફાળવેલ ન હોવા છતાં તેમ ઝુંપડા તોડવામાં આવેલ છે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ વિગતો અસ્પષ્ટ હોવાથી તે અંગે જરૂરી સ્પષ્ટતા થયેથી માહિતી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. આમ અરજદારે તા.૨૫–૨–૧૧ ની અરજીનો જવાબ આપેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડયાનું જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે સ્પષ્ટતા કરી પૂરતી માહિતી મેળવવા સ્વતંત્ર છે. સાથે અગાઉ આપેલ પ્રત્યુત્તરની નકલ પણ જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી મેળવી લેવા સ્વતંત્ર છે. અરજદાર ધ્વારા હુકમ મુજબ સંપર્ક કર્યેથી હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,